માહિતી અધિકારનો કાયદો ૨૦૦૫ની કલમ ૪(૧) અન્વયે નેટવર્ક ઉપર રજુ કરવાની થતી માહિતી.

દિવ્યાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરની કચેરી વ્યવસ્થાતંત્ર, કાર્યો, ફરજોની વિગત.

આ કચેરી દિવ્યાંગ વ્યકિતઓના (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો-૧૯૯૫ની કલમ ૬૦ અન્વયે અસ્તિત્વમાં આવેલ છે.



કાર્યો

આ કચેરીનો સમય ગુજરાત સરકાર દ્વારા નિયત થયેલ કચેરી કાર્ય સમય ૧૦:૩૦ કલાકથી સાંજે ૬:૧૦ કલાક સુધીનો છે અને ગુજરાત સરકાર દ્વારા જાહેર થયેલ રજાના દિવસોએ કચેરી બંધ રહે છે. આ કચેરીને અન્ય કોઇ જિલ્લા કે તાબાની કચેરીઓના હેઠળ નથી આ કચેરી નીચેના કાર્યો કરે છે.

(એ) દિવ્યાંગ વ્યકિતઓના લાભાર્થે ચાલતા કાર્યક્રમો અને યોજનાઓ માટે રાજય સરકારના ખાતાઓ વચ્ચે સંકલન કરશે.

(બી) રાજય સરકાર દ્વારા ફાળવેલ ભંડોળના ઉપયોગનું નિયંત્રણ કરશે.

(સી) દિવ્યાંગ વ્યકિતઓ માટે ઉપલબ્ધ સવલતો અને અધિકારોનું રક્ષણ કરવા પગલા ભરશે.

(ડી) સરકાર નિયત કરે એ સમયાંતરે આ ધારાના અમલીકરણ પરત્વે રાજય સરકારને અહેવાલ મુકવામાં આવે છે અને તેની નકલ ચીફ કમિશ્નરને મોકલાશે.

(ઇ) કમિશનર સ્વેચ્છાએ કે અન્યાય પામેલી વ્યકિતની અરજીના આધારે કે અન્ય રીતે નીચેની બાબતો સબંધિત ફરીયાદોની તપાસ કરશેઃ-

(૧) દિવ્યાંગ વ્યકિતના અધિકારનો ભંગ.

(૨) કાયદાઓ, ઉપનિયમો, ધારા ધોરણો, કારોબારી હુકમો, નિર્દેશો કે સુચનાઓ જે તે સરકાર કે સ્થાનિક સત્તા મંડળો દ્વારા દિવ્યાંગ વ્યકિતઓના કલ્યાણ અને અધિકારોના રક્ષણ માટે ઘડાયા હોય કે જાહેર થયા હોય તેના અમલીકરણનો અભાવ અને જે તે સત્તા મંડળ પાસે તેની રજૂઆત.

ફરજોઃ-

દિવ્યાંગ વ્યકિતઓ માટેના કમિશનરશ્રી સરકાર દ્વારા નિયત થયેલ સ્વરૂપે અને સમયે પ્રત્યેક નાણાંકિય વર્ષ દરમ્યાન તેમની પ્રવૃત્તિઓનું વિવરણ કરતો વાર્ષિક અહેવાલ તૈયાર કરશે અને તેની એક નકલ રાજય સરકારને મોકલશે,

દિવ્યાંગ વ્યકિતઓના હકકોના ભંગ સંબંધેની ફરીયાદો સાંભળી તેનો યોગ્ય નિકાલ કરશે તથા સરકારના વિવિધ વિભાગોના સંકલનમાં દિવ્યાંગના હિત માટેની કાર્યવાહી કરશે.

સત્તાઓઃ-

(૧) દિવ્યાંગ (સમાનતકો, અધિકારોનું રક્ષણ અને પુર્ણ ભાગીદારી The Rights of Persons with Disability Act-2016 હેઠળના કાર્યોના બજાવણીના હેતુ માટેના નીચેની બાબતે સંબંધિત ખટલો ચલાવતી વખતે સિવિલ પ્રોસીજર કોડ, ૧૯૦૮ હેઠળ અદાલતને સત્તા મળે છે જેવી કે

(એ) સાક્ષીઓને હાજર રાખવા, સમન્સ કાઢવા.

(બી) કોઇ પણ અદાલતી કે કચેરીમાંથી જાહેર દફતર કે સંબંધિત નકલ મેળવવા.

(સી) સોગંદનામાઓ પર પુરાવો મેળવવો.

(ડી) સાક્ષીઓ કે દસ્તાવેજોના પરિક્ષણ માટે તપાસ નીમવી.

(૨) રાજ્ય કમિશનર પાસેની દરેક કાર્યવાહી ભારતીય દંડ સહિતના ૧૮૬૦ની કલમ ૧૯૩ અને ૨૨૮ના અર્થમાં રહીને અદાલતી કાર્યવાહી કરવાની રહેશે, અને રાજ્ય કમિશનર સમક્ષ સત્તા મંડળ ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩નો ફોજદારી ધારો કલમ- ૧૯૫ અને પ્રકરણ-૨૬ ના હેતુઓ માટે સિવિલ (ડીમ્ડ સિવિલ કોર્ટ) અદાલત તરીકે ગણવામાં આવશે.